## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા અંબાલીના અસરગ્રસ્તોને સહાય અર્પણ



**ગોધરા** : ગોધરાના ધારાસભ્ય અને પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ સી.કે. રાઉલજી તથા રાજપૂત સમાજના અગ્રણીઓ દ્વારા ગોધરા તાલુકાના અંબાલી (બગીડોળ) ગામે શોર્ટસર્કિટના કારણે બળી ગયેલા બે મકાનના અસરગ્રસ્ત રાજપૂત પરિવારોની મુલાકાત લઈ તેમને આર્થિક સહાય અને સાંત્વના પાઠવવામાં આવી હતી. ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે આગથી ઘર ગુમાવનાર અસરગ્રસ્ત પરિવારોમાં કનકસિંહ અમરસિંહ સિસોદિયા અને પ્રફુલસિંહ મહેન્દ્રસિંહ સિસોદિયા હતા.આ દુઃખદ ઘટનાના પગલે રાજપૂત સમાજના આગેવાનોમાં સી.કે. રાઉલજી (પ્રમુખ, પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજ અને ધારાસભ્ય, ગોધરા), પી.ડી. સોલંકી, ચંદ્રસિંહ રાઉલજી, પ્રવિણસિંહ રાઉલજી, શિવરાજસિંહ સાઉલજી, અરવિંદસિંહ સિસોદિયા, ભારતસિંહ સોલંકી, અશ્વિનસિંહ સોલંકી, દિગપાલસિંહ ચૌહાણ તેમજ અશોકસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.આ તમામ આગેવાનોની ઉપસ્થિતિમાં પંચમહાલ રાજપૂત સમાજ વતી અસરગ્રસ્ત પરિવારોને 15000નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

### શ્રીગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં બિરસા મુંડાની 150મી જયંતી નિમિત્તે ઇનામ વિતરણ



**ગોધરા** : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓનો ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ શ્રી ગોવિંદગુરુ ટ્રાઇબલ ચેર,આર.બી. કાર્સ પ્રા. લી ગોધરા અને સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ રેસીડેન્સી સ્કૂલ, કાંકણપુરના સહયોગથી યોજાયો હતો.યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમારોહમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન કુલપતિ ડો.(પ્રો.) હરિભાઈ કાતરીયાએ સંભાળ્યું હતું. મુખ્ય વક્તા તરીકે ધર્મ જાગરણ સમન્વય ગુજરાત પ્રાંત સંયોજક ધર્મેશભાઈ મહેતાએ શિક્ષણનું મહત્ત્વ અને દેશના મહાન વ્યક્તિઓનો પરિચય કરાવી વિદ્યાર્થીઓને ખેતી સાથે સંકળાઈને દેશને ઉપયોગી થવા જણાવ્યું હતું.

### શહેરા વન વિભાગ દ્વારા જનજાગૃતિ રેલી કાઢી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરી




**ગોધરા** : શહેરા વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન બાબતે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી વન્ય પ્રાણી સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે શહેરા ખાતે જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલના માર્ગદર્શન હેઠળ આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનો પ્રારંભ શહેરાની શ્રીમતી એસ. જે. દવે સાર્વજનિક હાઈસ્કૂલ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ જનજાગૃતિ રેલીમાં શહેરા વન વિભાગનો રેન્જ સ્ટાફ, ઇન્ડસ્ટ્રીયલ ફાયર એન્ડ સેફ્ટી શહેરાની રેસ્ક્યુ ટીમ તેમજ શ્રીમતી એસ. જે. દવે સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા..આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય વન્યજીવોના મહત્વ વિશે લોકોને શિક્ષિત કરવાનો અને પર્યાવરણના સંતુલન માટે તેમના સંરક્ષણની તાતી જરૂરિયાત પર પ્રકાશ પાડવાનો હતો.

### GST ઘટાડી દેશ માટે ઉત્તમ પગલું લેવા બદલ વડાપ્રધાનનો આભાર માનતા વેપારી

**દાહોદ** : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દુરંદેશી દ્રષ્ટિ થકી દેશમાં સહકાર ક્ષેત્ર વિકાસના માર્ગે ગતિશીલ બન્યું છે. જેથી, ખેડૂતો અને પશુપાલકો આર્થિક રીતે સક્ષમ બન્યા છે અને



તેમની આવકમાં પણ વધારો થયો છે. ત્યારે સહકાર ક્ષેત્રની સમૃદ્ધિ સાથે પશુપાલકો અને ખેડૂતોના આર્થિક ઉત્કર્ષ માટે આભાર વ્યક્ત કરવા દાહોદ જિલ્લાની તમામ સહકારી જેવી કે સેવા સહકારી મંડળીઓ, દુધ મંડળીઓ, એ.પી.એમ.સી., જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ સંસ્થાનાઓના હોદ્દેદારો, સભ્યો, ખેડૂતો, પશુપાલકો દ્વારા તથા તેમના પરિવારજનો સભ્યોએ વડાપ્રધાનને પોસ્ટ કાર્ડ લખીને તેમનો આભાર માન્યો હતો. વેપારી કૈલાસભાઇ ખંડેલવાલે કહ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વમાં શરૂ થયેલું આત્મનિર્ભર ભારત અને "વોકલ ફોર લોકલ" અભિયાન ભારતનાં ઔદ્યોગિક પરિવર્તનનાં નવા યુગનો પ્રારંભ બન્યું છે. "વોકલ ફોર લોકલ" ના મંત્ર એ દેશના સ્થાનિક ઉત્પાદનો, કારીગરો અને ઉદ્યોગોને સમર્થન આપવાની સાથે તેમના ગૌરવને પણ વધાર્યું છે. જીએસટી સુધારાથી ગરીબ અને મધ્યમ વર્ગથી લઈને યુવાનો, ખેડૂતો, મહિલાઓ, દુકાનદારો, વેપારીઓ અને ઉદ્યોગસાહસિકો સુધી દરેકને ખૂબ ફાયદો થશે તમામને ટેક્સ સુધારાને કારણે જીવનજરૂરી ચીજવસ્તુઓ સસ્તી થઇ છે. જેથી દાહોદ જિલ્લાના તમામ નાગરીકો વતી હું વડાપ્રધાનનો ખુબ ખુબ આભાર માનું છું

---

કાલોલમાં ઓપરેશન સિંદુર અને આત્મનિર્ભર ભારત અને RSSના 100 વર્ષ પુરા થયાની શતાબ્દી થીમ પર ફુલોની રંગોળી બનાવી

# શૌર્ય સભર દશેરાની ઉજવણી

## દાહોદમાં આતશબાજી સાથે 70 ફૂટ ઉંચા રાવણનું દહન



(પ્રતિનિધી) દાહોદ તા 3

માં આધ્યશક્તિની આરાધના નવલી નવરાત્રીના દિવસ ગરબે ઘૂમ્યા બાદ આજે દશેરાના દિને દાહોદ શહેર ના પરેલ ખાતે 65 ફૂટ ઊંચા રાવણના પૂતળા નું દહન કરવામાં આવ્યું હતું .

દાહોદ શહેરમાં ભવ્ય આતસબાજી સાથે રાવણ દહન કરી દશેરાની ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ શહેરમાં પરેલ વિસ્તાર મા આવેલ સી સાઇડ ખાતે શિવશક્તિ ગ્રુપ દ્વારા છેલ્લા 54 વર્ષથી રાવણ દહનના કાર્યક્રમ રાખવામાં આવે છે. વરસો થી પરેલ મા મોટા રાવણ ના પૂતળા દહન કરવામાં આવે છે. આ વર્ષે દાહોદ પરેલમા રાવણના પૂતળાને બણાવવા માટે આગ્રાથી કારીગરો બોલાવવામાં આવ્યા હતા. કારીગરોની વીસ દિવસની મહેનત બાદ 65 ફુટ ઊંચાઈ ના રાવણ નું પૂતળું બનાવ્યું હતું આજે દશેરા ની ઉજવણીના ભાગરૂપે ભવ્ય આતશબાજી સાથે રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. 70 ફૂટ ઉંચા રાવણનું દહન કરવામાં આવ્યું હતું દાહોદના ગોધરા રોડ ખાતે આવેલ સીધીશ્વરી સોસાયટીના સીધેશ્વરી માતાના મંદિરના પાટણગંજમાં ભવ્ય આતશબાજી કરી રાવણ પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

## નગર પાલિકા દ્વારા મોટી જનમેદની વચ્ચે કાલોલમાં રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી) કાલોલ તા. 3

કાલોલ નગરપાલીકા દ્વારા ઘોડા ગ્રાઉન્ડ ખાતે મહાકાળી મંદિર પાસે ગતરોજ મોડી સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં રાવણ દહન નો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો નગરપાલીકા ખાતે થી ભવ્ય રેલી કાઢી જેમાં કાલોલ ના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા,પાલિકાના ચીફ ઓફિસર મિલાપ પટેલ,પાલિકાના ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી, પાલીકાના કારોબારી અધ્યક્ષ જોસનાબેન બેલદાર,કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ તાલુકા ભાજપ મંડળના મહામંત્રી વિરેન્દ્રસિંહ પરમાર, કાલોલ શહેર ભાજપના હોદ્દેદારો સાથે પાલીકાના માજી પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય અને ગોપાલભાઈ પંચાલ, માજી ઉપપ્રમુખ તુષારભાઈ શાહ અને તમામ કોર્પોરેટરો હાજર રહ્યા હતા ક્ષત્રિય સમાજના યુવકો પરંપરાગત રીતે સાફા પહેરીને હાજર રહ્યા હતા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે અને નગરપાલીકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણાએ પ્રસંગોચિત ઉદબોધન કરી નગરજનોને વિજયા દશમી ની શુભેછા પાઠવી મોટી સંખ્યામાં હાજર નગરજનો એ ભવ્ય આતશબાજી નો કાર્યક્રમ નિહાળ્યો હતો.કોઈ પણ આકસ્મિક દુર્ઘટના ટાળવા માટે કાલોલ નગરપાલિકા ની ફાયર બ્રિગેડ ની ટીમ ઘટના સ્થળે હાજર હતી. સમગ્ર રૂટ પર અને રાવણ દહન સ્થળે કાલોલ પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## ડેરોલ ગામમાં માટલી ગરબાની અનોખી પરંપરા

(પ્રતિનિધી) કાલોલ તા. 3

કાલોલ તાલુકાના ડેરોલગામ ખાતે દશેરા મહાપર્વએ ઉજવાતા પરંપરાગત માટલીગરબા અનેરું અને આગવું મહત્વ ધરાવે છે, ડેરોલગામ ગામની પરંપરા મુજબ દશેરાના દિવસે થતા માટલીગરબા એ ગામની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર હોવાને કારણે ગામના પાદરે આખું ગામ એક કુંડાળે માટલીગરબા રમવાનો લ્હાવો લેતા જોવા મળે છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર નવરાત્રી ની નવ રાત સુધી પરંપરાગત રીતે ગરબા રમાય છે પરંતુ દશેરા ની રાત્રે માટલી ગરબા રમવાની માનતા ધરાવતા હોય છે જેમા ગ્રામજનો પોતાના કોઈ પણ શુભ પ્રસંગ કે સામાજિક પ્રસંગો નિર્વિઘ્ને પાર પડે એ માટે પોતાની યથાશક્તિથી માતાજીના ચોકમાં દશેરાના દિવસે માટલીના ગરબા ચઢાવવાની માનતા રાખતા હોય છે, જેમાં તેમની માનતા સ્વરૂપે પોતાની યથાશક્તિ મુજબ ૫,૭,૧૧,૨૧,૫૧ અને ૧૦૧ જેટલા રમતા ગરબા ચઢાવવાની આસ્થા રાખતા હોય છે, એ આસ્થા મુજબ દશેરાના દિવસે સમસ્ત ગામમાં મોટાભાગના માનતા ધરાવતા ગામજનો સમી સાંજે જેને ગરબો કહેવાય છે એ માનતા મુજબના છીદ્રોવાળા



માટલી ગરબાઓની ફુલહારથી સુશોભિત કરી માટલીમાં વિવિધ ધાન્યો ભરી, માટલીમાં દીપ પ્રગટાવી કળશ મુકીને અને કળશ ઉપર એક દીપ પ્રગટાવી તૈયાર કરી માટલી ગરબાઓની આસ્થા મુજબની માટલીઓ શિર પર ઉપાડી ઘેર- ઘેરથી ગામના ઝાંપે આવેલા માતાજી મંદિરના ચોકમાં રમવા માટે આવે છે. માતાજીના મંદિરના ચોકમાં સમગ્ર ગામના ભાઈઓ,બહેનો,યુવક યુવતીઓ સાથે મળીને એક હરોળમાં સંગીતના તાલે પરંપરાગત માટલીગરબા રમે છે જે માટલી ગરબાને ગામના માતાજીના મંદિરે રમતા મુકીને પોતાની આસ્થા પુરી કરે છે.

---

# ગોધરાના કાંકણપુર ગ્રામ પંચાયતમાં વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆત

**યોજાયેલી** ગ્રામસભામાં રોડ-રસ્તા, પાણી અને ગંદકીનો મુદ્દો ઉછળ્યો

(પ્રતિનિધી) ગોધરા તા.03

ગોધરા તાલુકાના કાંકણપુર ગ્રામ પંચાયત ખાતે યોજાયેલી ગ્રામસભામાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને ગામને સ્પર્શતા મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર રજૂઆતો કરી હતી. નાગરિકોએ વહીવટી તંત્ર સમક્ષ ગામના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.ગ્રામસભામાં મુખ્યત્વે રોડ-રસ્તા, પાણીની સમસ્યા, અને વહીવટી પ્રશ્નો કેન્દ્રસ્થાને રહ્યા હતા. ગ્રામજનોએ રજૂઆત કરી હતી કે ગામના નબળા રોડ-રસ્તાની ગુણવત્તા અત્યંત ખરાબ છે અને તેના તાત્કાલિક સમારકામની



જરૂર છે. તૂટેલા માર્ગોને કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, 'નળ સે જળ' યોજનાના વિલંબને કારણે ગામમાં પાણીની સમસ્યા વકરી છે. ગ્રામજનોએ નિયમિત અને પૂરતા પ્રમાણમાં પાણીની સુવિધા પૂરી પાડવા માંગ કરી હતી. ગામના પ્રવેશદ્વાર પર ગંદકી અને ગેરકાયદેસર દબાણના નિયમિત સાફ-સફાઈ કરવા અને ગંદકી દૂર કરવા માટે રજૂઆત કરી હતી. કાંકણપુરના ગ્રામજનોએ આરોગ્ય સહિતની અન્ય પ્રાથમિક સુવિધાઓ પણ નિયમિતપણે પૂરી પાડવામાં આવે તેવી માંગણી કરી હતી. ગ્રામસભામાં થયેલી આ તમામ રજૂઆતોનો વહેલી તકે અમલ થાય અને ગામના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે તેવી અપેક્ષા ગ્રામજનોએ વ્યક્ત કરી છે.

---

ગ્રામ પંચાયત ભવન ખાતે સરપંની અધ્યક્ષતામાં ગ્રામ સભા યોજાઇ

# સિંગવડ ગ્રામ પંચાયતના વિકાસ મુદ્દે ચર્ચા : માત્ર બે જ સદસ્ય હાજર રહ્યા

**સ્ટેટ લાઈટ** ,પીવાના પાણી , સાફ-સફાઈ, ગ્રામ પંચાયતની માલિકીની દુકાનો ના ભાડા, વ્યવસાય વેરો, ગ્રામ પંચાયતનો વેરા સહિતની ચર્ચા કરાઇ

(પ્રતિનિધી) સિંગવડ, તા.3

સિંગવડ તાલુકામાં આજે દરેક ગ્રામ પંચાયત દીઠ ગ્રામસભાનું આયોજન હાથ ધરવામા આવ્યું હતું. જેમાં મુખ્ય મુદ્દે ગ્રામ પંચાયતનો વિકાસને લગતી અનેક મુદ્દાઓની ચર્ચા વિચારણા તેમજ આગામી સમયમાં નગરના વિકાસ માટે વિકાસના કામો કરવામાં આવે તે માટે ગ્રામ પંચાયતની ગ્રામસભામાં સમગ્ર મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયતના મુખ્ય અધિકારી તરીકે ચૌધરી મુખ્ય અધિકારી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ ગ્રામ સભામાં ઘણા સરકારી ખાતાના અધિકારીઓ ગેરહાજર જણાયા હતા. જ્યારે સિંગવડ ગ્રામ પંચાયત ભવન ખાતે સવારે 11:00 કલાકે ગ્રામ પંચાયતના સરપંચ લખીબેન બાલુભાઈ વહુનીયાની



અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી . સિંગવડ નગરના વિકાસ માટે ભૂતકાળમાં જલ્ સે નળ યોજનામાં લાખો રૂપિયાનો ખર્ચો કરવામાં આવી હોવા છતાં આજે પણ છેવાડાના ફળિયાઓમાં તેમજ નગરમાં પીવાનું પાણી આજ દિન સુધી પહોંચ્યું ન હોય જલ સે નલ યોજના ફારસ રૂપ સાબિત થઈ છે જેને લઈ આજ દિન સુધી સિંગવડ ગ્રામ પંચાયતે ખર્ચેલા રૂપિયા પાણીમાં જતા ગ્રામજનોની પીવાના પાણીની સમસ્યાની ભારે બૂમ ઊઠવા પામી હતી. જેને લઈને આવનાર સમયમાં સિંગવડ ગામમાં પીવાના પાણીની સમસ્યા માટે નવી યોજના અમલમાં લેવા માટે રજૂઆત કરવામાં આવી હતી

---

તાલુકા-જિલ્લાના કોઈ અધિકારી જ હાજર ન હોય ત્યારે પ્રજાને પીડતા પ્રશ્નો કોની સમક્ષ રજૂ કરવી? તેવા સવાલ ગ્રામજનોમાં ઉઠવા પામ્યા હતા

# ફતેપુરાની ગ્રામસભાની મીટીંગોમાં નોડલ ઓફિસરો જ ગેરહાજર!

**તાલુકાની** મોટા ભાગની ગ્રામ પંચાયતોમાં યોજાયેલ ગ્રામસભા માત્ર દેખાવ ખાતર યોજવામાં આવી હોય તેમ તલાટી કમ-મંત્રીની હાજરીથી પૂર્ણ કરી દેવાઇ?

(પ્રતિનિધી) દાહોદ તા 3

મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના વિચારને ચરિતાર્થ કરવાના ઉદ્દેશ સાથે ૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ ગુજરાતના ૧૫ આદિવાસી જિલ્લાના કુલ ૪૨૪૫ ગામોમાં એક સાથે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવીજ રીતે ફતેપુરા તાલુકાની ગ્રામ પંચાયતોમાં પણ આજરોજ ગ્રામસભાઓ યોજવામાં આવી હતી.પરંતુ તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોને બાદ કરતા જિલ્લા અને તાલુકા કક્ષાના નોડલ અધિકારીઓ ગ્રામસભામાં હાજર નહીં રહી માત્ર નિયમોની પૂર્તતા કરવા માટે જ ગ્રામ સભા યોજવામાં આવી હોય તેવી યોજાયેલ આજરોજ ગ્રામસભાઓની સ્થિતિ જોતા જણાઈ આવ્યું હતું. જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં આજરોજ ગ્રામ પંચાયતોમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ ગ્રામ સભાઓમાં જિલ્લા-તાલુકાના એક એક અધિકારીની ગ્રામ સભા સ્થળે ફાળવણી કરવામાં આવેલ હતી પરંતુ તાલુકાના મોટાભાગની ગ્રામ પંચાયતોમાં યોજાયેલ ગ્રામસભામાં તાલુકા-જિલ્લાના નોડલ અધિકારીઓ ફરક્યા ન હતા અને માત્ર તલાટી કમ-મંત્રી તથા ગ્રામજનોએ હાજર રહી ગ્રામસભાનું આયોજન કરી ગ્રામસભા આટોપી લેવામાં આવી હતી.જો કે તલાટી કમ-મંત્રી તથા સરપંચો ગ્રામ પંચાયતોમાં કાયમ હાજર રહેતા હોય છે. જયારે ગ્રામજનોના પ્રશ્નો હલ નહીં થાય ત્યારે તેની તાલુકા અથવા જિલ્લા કક્ષાએ રજૂઆતો થતી હોય છે. જેના અનુસંધાને પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી, શ્રમિક દિવસ ૧ મે, સ્વાતંત્ર દિવસ ૧૫ ઓગસ્ટ તથા ૨ ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે જે-તે ગ્રામ પંચાયતના નાગરિકોને પોતાના ગામ બેઠા રજૂઆત કરી ગ્રામજનોની મુશ્કેલી દૂર કરી શકે તે હેતુથી ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવે છે. અને આ યોજાતી ગ્રામ સભામાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળવા તાલુકા-જિલ્લાના નોડલ અધિકારીઓની હાજરી આવશ્યક હોય છે. પરંતુ આજરોજ ફતેપુરા તાલુકામાં યોજાયેલ ગ્રામ સભામાં નિમણૂક કરેલ નોડલ અધિકારીઓ હાજર રહ્યા ન હતા. ત્યારે માત્ર સરકારના નિયમોની પૂર્તતા કરવા માટે જ આ ગ્રામ સભાઓ યોજવામાં આવી હોય તેમ માત્ર તલાટી કમ-મંત્રીની ઉપસ્થિતિમાં ગ્રામ સભાઓ યોજી ગ્રામ્ય વિસ્તારના લોકોની મુશ્કેલી દૂર કરવા વહીવટી તંત્રોને કોઈ પરવા કર્યા વિના પ્રજાની મુશ્કેલીઓ ન જોવી, ન સાંભળવી અને પ્રજાની મુશ્કેલી બાબતે કોઈ જવાબ આપવો પડે નહીં તેવી વહીવટી તંત્રોએ નીતિ અપનાવી હોય તેવી પ્રતીતિ પ્રત્યક્ષ જોવા મળી હતી. જણાવવું જરૂરી છે કે, ફતેપુરા તાલુકામાં ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવેલ ત્યારે જિલ્લાના એક અને તાલુકાના એક અધિકારી ગ્રામસભા સ્થળે ગ્રામ પંચાયતોમાં ફાળવવામાં આવ્યા હતા. જેના લીધે ગ્રામ પંચાયતોમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર પણ રહ્યા હતા. પરંતુ તાલુકા-જિલ્લાના કોઈ અધિકારી જ હાજર ન હોય ત્યારે પ્રજાને પીડતા પ્રશ્નો કોની સમક્ષ રજૂ કરવા? તેવા સવાલ ગ્રામજનોમાં ઉઠવા પામ્યા હતા.